પ્રેસ પ્રકાશન
ભારતીય રિઝર્વ બેંક
સંચાર વિભાગ, કેન્દ્રિય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001
વેબસાઇટ : www.rbi.org.in
ફોન : 91 22 2266 0502 / ફેક્સ : 91 22 2266 0358
ઈ-મેઇલ : helpdoc@rbi.org.in

07 એપ્રિલ 2016

## ભારતીય રિઝર્વ બેંકે મેસર્સ સન કૉર્પોરેટ સર્વિસિસ પ્રાયવેટ લિમિટેડ પર દંડ લગાવ્યો
## (હાલમાં મમતા ગ્રુપ કૉર્પોરેટ સર્વિસિસ પ્રાયવેટ લિમિટેડના નામથી પ્રસિદ્ધ)

ભારતીય રિઝર્વ બેંકે ભારતીય રિઝર્વ બેંક અધિનિયમ, 1934 ની કલમ 58-જી ની જોગવાઈઓ અંતર્ગત પ્રદત્ત સત્તાનો ઉપયોગ કરીને મેસર્સ સન કૉર્પોરેટ સર્વિસિસ પ્રા. લિમિટેડ (વર્તમાનમાં મમતા ગ્રૂપ કૉર્પોરેટ સર્વિસિસના નામથી પ્રસિદ્ધ), જેનું રજીસ્ટર્ડ કાર્યાલય 53, મધુવન કોમ્પ્લેક્સ, પાંચમા મળ, માદલપુર અંડરબ્રિજની પાસે, એલિસબ્રિજ, અમદાવાદ 380 006, ગુજરાતમાં આવેલું છે, પર બેંકથી અનાપત્તિ પ્રમાણપત્ર લીધા વગર વિદેશી રોકાણ કરવા માટે અને આમ બેંક દ્વારા 14 જૂન 2011ના જારી અધિસૂચનામાં સમાવિષ્ટ માર્ગદર્શિકાઓનું ઉલ્લંઘન કરવા માટે તેમજ બેંક દ્વારા 13 જાન્યુઆરી 2000 ના રોજ જારી કરવામાં આવેલ પરિપત્રમાં સમાવિષ્ટ માર્ગદર્શિકાઓના અનુસાર નામમાં પરિવર્તન કરવા માટે રજીસ્ટ્રાર સમક્ષ જતા પહેલા બેંકની પૂર્વ અનુમિત નહીં લેવાના કારણે ₹ 5 લાખ (રુપિયા પાંચ લાખ પૂરા)નો મૌદ્રિક દંડ લાદવામાં આવ્યો છે.

**અજીત પ્રસાદ**
સહાયક પરામર્શદાતા

**પ્રેસ પ્રકાશન : 2015-2016/2373**